ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૨૩/૨૦-૨૧/ ૩૬૧૭ તારીખ : 4 NOV 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૨૩/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ અને બીજા - ૨,**
હાઈવે, રેલ્વે ફાટક,
નીરદ નગરની બાજુમાં,
**મું.મહુવા-૩૬૪૨૯૦**
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૪૦૮૧૨૫૦૩૦/૯૯૦૪૦૨૨૦૭૨.**

**વિષય : ઘર વપરાશના વિજ કનેકશન માં ૨૪ કલાક પાવર આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨/૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૬/૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૨૦-૨૧/૨૭૦૫ તા.૭/૮/૨૦૨૦.
(૩) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૯/૯/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૩/૨૦-૨૧/૩૫૫૩ તા.૧૬/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૮/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૧, **મહુવા.**

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૨૩/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ,**

◈ **વિરૂઘ્ઘ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૮/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ, મું.મહુવાની ઘર વપરાશના વિજ કનેકશન માં ૨૪ કલાક પાવર આપવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર બીઝેડ/ફોરમ /૨૩/૨૦–૨૧/૨૭૦૫ તા.૭/૮/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૮/૧૦/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના નેસવડ ગામમાં ડુંડાસ રોડ પર, ખોડીયારનગર, પ્રાથમીક શાળાની પાછળ, ખેતીવાડીમાં સીગલ ફેઈઝ ઘર વપરાશનું કનેકશન ધરાવીએ છીએ.અમારે ૮ કલાક પાવર આવતો નથી વધારે ભાગે લાઈન ફોલ્ટમાં રહે છે. બાળકો રાત્રે સૂતા પણ નથી અને આવા સમયે બાળકને ઘરે રહીને લેશન કરાવવાનું હોય છે અને પંખા પણ ડીમ ફરે છે, પાવર પૂરતો મળતો નથી. આવા સમયે મચ્છર નો ત્રાસ પણ વધારે હોય છે. જેના કારણે બાળકો પણ બિમાર પડે છે. આવા સમયે ડોકટર પણ જવાબ આપતા નથી.તો, બાળકોની તબિયતને ઘ્યાનમાં લઈને, અમોને પાવર ૨૪ કલાક દેવા વિનંતી અને બીજું કે કંપની ના નિયમ બધા માટે સરખા હોય છે. ૮–૯ જણાને૨૪ કલાક જયોતિગ્રામ ના સીગલ ફેઈઝના વિજ કનેકશન આપેલ છે અને ત્રણ જણાને ખેતીવાડીમાંથી કનેકશન આપવું તે વ્યાજબી નથી. કનેકશન આપો તો, બધાને આપો. મોઢા જોઈને

કનેકશન આપો તે બરાબર નથી.અમને કનેકશન ન આપો તો બીજાને આપેલ કનેકશન રદ કરવા અમોએ ૪–૫ વખત અરજી ભાવનગર કરેલ. છતાં, સંતોષકારક જવાબ મળેલ નથી અને ભાવનગર આવવું તે અમારા માટે શકય નથી. કારણ કે,મજૂરી કામ કરતા હોય, તો અમને ૨૪ કલાક પાવર મળી રહે તેવી વિનંતી.મહુવા રૂરલ–૧ કચેરીએ ૨૦–૨૫ વખત ધકકા ખાધા પણ કોઈ જવાબ આપતા નથી.અમોએ દરેક અરજીમાં જણાવેલ કે,નેસવડમાં ૮–૯ કનેકશન જયોતિગ્રામમાંથી વાડી વિસ્તારમાં આવેલા છે. એક સાથે ડબલ કનેકશન આવેલા છે.ખેતીવાડીમાંથી થ્રી ફેઈઝ કનેકશન આપેલા છે અને જયોતિગ્રામના કનેકશન આપેલા છે. તો, અમને કેમ ૨૪ કલાક કનેકશન ન મળે ? એકને ગોળ અને બીજાને ખોળ તેવી બાબત છે. અમારા બાળકોની તબિયતને ધ્યાનમાં લઈને ૨૪ કલાક પાવર આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સવિનય જણાવવાનું કે, વિજ ગ્રાહક (૧) શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ ગ્રાહક નં–૩૭૦૦૬/૦૬૪૮૨/૧ (કનેકશન રીલીઝ તા.૮/૧૧/૨૦૧૬) (૨) શ્રી સાંખટ માવજીભાઈ વશરામભાઈ (કનેકશન રીલીઝ તા.૨૪/૧૦/૨૦૧૬) ગ્રાહક નં–૩૭૦૦૬/૦૬૫૫૧/૮ ખાતે ખેતીવાડી વિસ્તારમાં રહેણાંકી હેતુ માટેનું સીગલ ફેઈઝ નું વિજ જોડાણ ધરાવે છે. તેમજ (૧) શ્રી મકવાણા અરજણભાઈ મોહનભાઈના ખેતીવાડી સ્થળ પર કૃષિ વિષયકનું થ્રી ફેઈઝ નું વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૦૦૬/૦૬૮૧૦/૦ (કનેકશન રીલીઝ તા.૯/૨/૨૦૧૯) થી ૫ એચ.પી.નું વિજ જોડાણ ધરાવે છે. મકવાણા અરજણભાઈ મોહનભાઈ ને સીગલ ફેઈઝ નું વિજ જોડાણ નથી. સદર તમામ વિજ જોડાણ ૬૬ કે.વી.નેસવડ સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડરમાંથી આપવામાં આવેલ છે. શ્રી સાંખટ ભરતભાઈ વશરામભાઈ તથા શ્રી સાંખટ માવજીભાઈ વશરામભાઈ નું વિજ જોડાણ સીગલ ફેઈઝ ના ૫ કે.વી.એ ના ટ્રાન્સ્ફોર્મરમાંથી આપવામાં આવેલ છે. સદર વિજ ગ્રાહકની રજૂઆત ના આધારે સ્થળ તપાસ કરતાં, સદર સ્થળ ખેતીવાડી વિસ્તારમાં આવેલ છે. તેથી તેમને વિજ જોડાણ ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડરમાંથી આપવામાં આવેલ છે. સદર ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડરમાં વ્યવસ્થિત વિજપુરવઠો મળી રહે તે માટે જરૂરી મેન્ટેનન્સ કરેલ છે. વધુમાં, સદર ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડર અન્ય ફીડરો એટલે કે, ૧૧ કે.વી.સૂર્યોદય અર્બન,૧૧ કે.વી.દેવળીયા જ્યોતિગ્રામ,૧૧ કે.વી.ડુંડાસ જયોતિગ્રામ સાથે ક્રોસીગ થાય છે. માટે સદર કોઈપણ ફીડરો માં કામ કરતા સમયે સલામતીના હેતુસર ૧૧ કે.વી.માઢીયા ફીડર બંધ કરવુ પડતુ હોય છે. વધુ આ વર્ષ દરમિયાન ચોમાસાની ઋતુ દરમ્યાન ભારે વરસાદ તેમજ પવન કારણે ફીડર ફોલ્ટ તથા ટ્રીપીગ ના બનાવો બનેલ છે. સદર ગ્રાહકો ખેતીવાડી વિસ્તારમાં રહેતા હોઈ, તેમને ખેતીવાડી ફીડરમાંથી વિજપુરવઠો આપેલ હોઈ, પીજીવીસીએલ કંપનીના નિયમાનુસાર ખેતીવાડી ફીડરમાં ૮ કલાક થ્રી ફેઇઝ તથા બાકીના કલાકોમાં સીગલ ફેઈઝ વિજપુરવઠો આપવામાં આવે છે. તેમજ વર્ષ ૨૦૨૦–૨૧ માં ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડરમાં નીચે મુજબ નું લાઈન મરામતનું કામ કરવામાં આવેલ છે.

- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં મેઈન લાઈન તથા સેકશનમાં લાઈનને નડતરરૂપ ઝાડની ડાળીઓ કપાવેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં લાંબા સ્પાનમાં ૫ વિજ પોલ ઉભા કરેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં અલગ અલગ લોકેશન પર ૩૩ ગાળામાં રી–સ્ટ્રીન્ગીગ કરાવેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં ૧૨ ગાળામાં ખરાબ થયેલ વિજ વાયર બદલાવેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં ૩૯ ફોલ્ટી પીન ઈન્સ્યુલેટર તથા ૪૨ ફોલ્ટી ડિસ્ક ઈન્સ્યુલેટર બદલાવેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં ૫ લોકેશન પર નમી ગયેલ વિ–ક્રોસ આર્મ સીધા કરેલ છે.
- ☞ ૧૧ કેવી માઢીયા ફીડરમાં તમામ સેકશન સ્વીચ ના નવા જમ્પર કરેલ છે.

૨.૨ વધુમાં જણાવવાનું કે, હાલ માઢીયા એજી ફીડરો માં ૧૪ જેટલા ક્રોસીગ આવેલ છે. જે ક્રોસીગ દૂર કરવાની કામગીરી શરૂ છે. માટે વહેલી તકે ક્રોસીગ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરી ૧૧ કે.વી.માઢીયા ફીડર માં વધુ સાતત્યપૂર્ણ વિજ પુરવઠો મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવશે. આ સાથે ૧૧ કે.વી.માઢીયા ફીડર માં વર્ષ–૨૦૨૦–૨૧ દરમ્યાન થયેલ મરામત (મેન્ટેનન્સ) ની કામગીરીની વિગત તથા ૧૧ કે.વી.માઢીયા ફીડર માં વર્ષ–૨૦૧૯–૨૦ તથા વર્ષ–૨૦૨૦–૨૧ દરમ્યાન આવેલ વિજ વિક્ષેપ વિગત આ સાથે સામેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી અરજદાર સાંખટ ભરતભાઈ વશરામભાઈ તથા ૨ અરજદારો ગામ–નેસવડ તા.મહુવા માં ખેતીવાડી વિજ જોડાણ સાથે વાદીએ સીંગલ ફેઈઝ ઘર વપરાશ માટે વિજ જોડાણ તેના ખેતીની જમીન માં લીધેલ છે.

૩.૨ વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે કે, તેઓને સીંગલ ફેઈઝ વિજ જોડાણ ૨૪ કલાક પાવર મળે તે માટે જયોતિગ્રામ યોજના ના ફીડરમાં જોડાણ આપવું.

૩.૩ વાદી ને આપેલ ખેતીવાડી વિજ જોડાણ તેમજ સીંગલ ફેઈઝ ઘરવપરાશ ના વિજ જોડાણ ને ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડર માંથી વિજ જોડાણ આપવામાં આવેલ છે. તેમજ સબ સ્ટેશન એન્ડ પર સીંગલ ફેઈઝ LST ટ્રાન્સફોર્મર પ્રતિવાદી એ મૂકેલ છે. જેથી,વાદીને બાકીના ૧૬ કલાક ઘર વપરાશ માટે સીંગલ ફેઈઝ વિજ પુરવઠો મળે.

૩.૪ પ્રતિવાદીએ રજૂ કરેલ જવાબ મુજબ ૧૧ કે.વી.માઢીયા ખેતીવાડી ફીડર નો વિજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટે તેઓએ લાઈન મેઈન્ટેનન્સ કરેલ છે. તેમજ તે ફીડર સાથે ના બીજા ફીડર્સ ના ક્રોસીંગ નું કામ દૂર કરવાની કામગીરી ચાલુ છે.

૩.૫ વાદીના સીંગલ ફેઈઝ વિજ જોડાણ ખેતીની જમીન માં બાંધેલ મકાનમાં આપેલ હોઈ, સરકારની નિતિ મુજબ ૮ કલાક માટે થ્રી ફેઈઝ પુરવઠો તેમજ ૧૬ કલાક માટે સીંગલ ફેઈઝ પુરવઠો મળી શકે અને તે જોડાણને JGY કે બીજા કોઈ નોર્મલ ફીડરમાંથી વિજ પુરવઠો આપી શકાય નહી. આથી, વાદીની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.મજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૮/૧૦/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.